અપીલ અરજી નં.૬૨૯ તા.૧૬–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળા :– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૭–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) નોંધ નં.૫/૩૯૦–૯૧, કાંસકીવાડ, જૂના બસ સ્ટેન્ડની પાછળ, નવા આર.સી.સી. સ્લેબ, બીમ અને કોલમ–પ્લીન્થ સાથે પાંચ માળ અને ભોંયરા સાથે પાર્કિંગની વ્યવસ્થા વગરનું બાંધકામ કરવામાં આવેલ છે. જેની બાંધકામનાં પ્લાનની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલ આપવા વિનંતી. મુદ્દા નં. (૨) શહેર વિકાસ વિભાગનાં સદર વિસ્તારના ડે.ઈજનેરના ૧૫ નવેમ્બર ૨૦૧૧થી ૩૧ ડીસેમ્બર ૨૦૧૧સુધીનો પી.ટી.એ(સાઈડ રીપોર્ટ નોંધ)ની માહિતીની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૨૯ /૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૭–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) નોંધ નં.૫ / ૩૯૦–૯૧, કાંસકીવાડ, જૂના બસ સ્ટેન્ડની પાછળ, નવા આર.સી.સી. સ્લેબ, બીમ અને કોલમ–પ્લીન્થ સાથે પાંચ માળ અને ભોંયરા સાથે પાર્કિંગની વ્યવસ્થા વગરનું બાંધકામ કરવામાં આવેલ છે. જેની બાંધકામનાં પ્લાનની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલ આપવા વિનંતી. મુદ્દા નં. (૨) શહેર વિકાસ વિભાગનાં સદર વિસ્તારના ડે. ઈજનેરના ૧૫ નવેમ્બર ૨૦૧૧ થી ૩૧ ડીસેમ્બર ૨૦૧૧સુધીનો પી.ટી.એ(સાઈડ રીપોર્ટ નોંધ)ની માહિતીની નકલ આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં.૨૦૦૮ તા. ૧૨–૧–૧૨ તથા પત્ર નં. /૨૦૭૬ તા. ૨૧–૧–૧૨ થી મળેલ માહિતીમાં મુદ્દા નં.૧ની બોગસ રજાચિઠ્ઠી આપેલ અને મુદ્દા નં. ૨ અંગેની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નહી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા વિશેષતઃ નિર્દિષ્ટ સમય માટેની ડે.ઈજનેરની ડાયરીની, સદર વિસ્તારની મુલાકાત નોંધ સહ મોકલવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૭૭ તા. ૦૧–૦૩–૧૨થી જાહેર માહિતી અધિકારી અને અરજદારને બોગસ માહિતીના દાવા અંગે આધાર સહ રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૨૬૭૩ તા. ૧૭–૩–૧૨ના પત્રથી પૂરક વિગતોમાં ફી ભર્યાની રસીદની નકલ, મૂળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં./૨૦૦૮ તા. ૧૨–૧–૧૨થી દસ્તાવેજ ફી ભરપાઈ કરવા પાઠવેલ સાથે આંશિક માહિતી આપેલ પત્રની નકલ, પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૨૦૭૬ તા. ૨૧–૧–૧૨થી અરજદાર દ્વારા રસીદ નં. ૧૧૯૬૫૪ તા. ૧૭–૧–૧૨ થી રૂા. ૨/– ભરપાઈ કરતાં રજાચિઠ્ઠીની નકલ પુરી પાડયાના પત્રની નકલ અત્રે મળેલ છે જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૭–૧૨–૧૧ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજદારે મુદ્દા નં. (૧) નોંધ નં.૫ / ૩૯૦–૯૧, કાંસકીવાડ, જૂના બસ સ્ટેન્ડની પાછળ, નવા આર.સી.સી. સ્લેબ, બીમ અને કોલમ–પ્લીન્થ સાથે પાંચ માળ અને ભોંયરા સાથે પાર્કિંગની વ્યવસ્થા વગરનું બાંધકામ કરવામાં આવેલ છે. જેની બાંધકામનાં પ્લાનની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./ ૨૦૦૮ તા. ૧૨–૦૧–૧૨થી નિયત સમય અવધિમાં "માંગ્યા મુજબની રજાચિઠ્ઠીની નકલ

નંગ–૧ના પ્રતિ નકલ રૂા. ૨/– લેખે કુલ રૂા. ૨/– સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કર્યેથી મળી શકશે." તેવું જણાવેલ તથા જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./૨૦૭૬ તા. ૨૧–૧–૧૨ના પત્રમાં અરજદારે તા. ૧૭–૧–૧૨ના રોજ રસીદ નં. ૧૧૯૬૫૪થી રૂા. ૨/– ભરપાઈ કરેલ હોવાનું જણાવી સમય અવધિના બીજા દિને નકલ પુરી પાડેલ. મુદ્દા નં. (૨) શહેર વિકાસ વિભાગનાં સદર વિસ્તારના ડે. ઈજનેરના ૧૫ નવેમ્બર ૨૦૧૧ થી ૩૧ ડીસેમ્બર ૨૦૧૧સુધીનો પી.ટી.એ(સાઈડ રીપોર્ટ નોંધ)ની માહિતીની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.નં./ ૨૦૦૮ તા. ૧૨–૦૧–૧૨ થી નિયત સમય અવધિમાં "સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી" તેવું જણાવેલ. આમ મુદ્દા નં. ૧ની દફતરી માહિતી જાહેર માહિતીએ પુરી પાડેલ છે. જયારે મુદ્દા નં. ૨ અંગે દફતરે ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે.

અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ આઉટ નં./૨૦૭૬ તા. ૨૧–૧–૧૨ થી મળેલ માહિતીમાં મુદ્દા નં.૧ની બોગસ રજાચિઠ્ઠી આપેલ અને મુદ્દા નં. ૨ અંગેની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નહી હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૬–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. ૧ અંગેની માહિતી નકલ ફી રૂા. ૨/– ભરપાઈ કરેલ હોવાનું જણાવેલ. તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી નોંધ નં. ૫/૩૯૦ના પ્લાનની રજાચિઠ્ઠી પાઠવેલ જેમાં જણાવેલ પાંચે પાંચ શરતોનો ભંગ મિલ્કતધારક અને મિલ્કતધારકના સીવીલ એન્જીનિયરે કરેલ છે. આમ રજાચિઠ્ઠીની માહિતી બોગસ અને છેતરપિંડી ભરેલી હોવાનું તેમજ સદર મિલ્કત પાંચ માળ અને તે પણ ભોંયતળિયા સાથે તથા પાર્કિંગની એફ.એસ.આઈ. છોડવામાં આવેલ નથી તેવું જણાવેલ. મુદ્દા નં. ૨ અંગે માહિતી ઉપલબ્ધ નથી તેના અનુસંધાને સદર માહિતી ડે.એન્જીનિયર પાસ ે તો હોય જ કારણ કે તેઓ સવારે એસ.એમ.સી.માં આવી હાજરીની સહી કરી તેમના વિસ્તારની (સાઈડ રીપોર્ટની નોંધ) દરરોજની કરવાની હોય જ તેવું જણાવેલ.

વધુમાં અરજદારને અત્રેથી પત્ર નં. આરટીઆઈ સેલ/૧૮૭૭ તા. ૧–૩–૧૨થી બોગસ માહિતીના દાવા અંગે આધાર સહ રજુઆત કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તા. ૬–૩–૧૨ના પત્રથી મુદ્દા નં. ૧માં જણાવેલ મિલ્કતનું બાંધકામ મિલ્કતધારક અને તેના સીવીલ એન્જીનિયરે શરતો મુજબ કરેલ નથી. પ્લાનની મંજુર થયેલ બાંધકામની માહિતી બિલ્ડીંગ બહાર લગાવેલ નથી અને પ્લાનની મંજુરી અનુસાર ભોંયતળિયું અને પાંચમો માળ વધારે બાંધેલ છે તથા એફ.એસ.આઈ. જગ્યા છોડેલ નથી. તેવું જણાવેલ. પરંતુ દાવાના સમર્થનમાં કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી.

જાહેર માહિતી અધિકારીના પૂરક માહિતીના પત્રમાં મુદ્દા નં. ૨ અંગે ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતાં ડે.ઈજનેરશ્રીના પી.ટી.એ. (સાઈડ રીપોર્ટની નોંધ) ની કોઈ માહિતી રકેર્ડ પર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ. કોઈ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તે અંગે આરટીઆઈ એકટ–૨૦૦૫ની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૬–૨–૧૨ ધ્યાને લેતાં ૧૬–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૩૧–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૧૨–૧૧ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરે ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ, મુદ્દા નં. ૨ ની માહિતી અંગે લાગત ડે. ઈજનેરના ક્ષેત્રીય કામગીરીની ફેરણી નોંધપોથીની દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ તબક્કે ઉપસ્થિત કરેલ વધારાના બાંધકામ તથા ફરીયાદલક્ષી રજુઆતના અલાયદા પ્રશ્ન અંગે આરટીઆઈ કાયદા અને નિયમો અનુસાર લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા અગર સક્ષમ સત્તાને રજુઆત કરવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, ઝોલનચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,